# Welcome to Kindergarten™
CANADIAN EDUCATION WAREHOUSE

## તમારાં બાળકને શાળાને માટે તૈયાર કરવા માટે મદદ કરો – આ પ્રવૃત્તિઓ સાથે મળીને કરો . આનંદ કરો

### ! લોહચુંબક વાળા શબ્દો અને નંબરો

**અક્ષરો અને નંબરો વિશે ચર્ચા કરવાથી અને પ્રવૃત્તિઓ કરવાથી તમારા બાળકને નંબરો અને અક્ષરોના જ્ઞાનના વિકાસ કરવામમાં મદદ કરશે.**

**તમારા બાળકને મદદ કરો:**

- નંબરો અને અક્ષરોને જુદા જુદા ગ્રુપમાં વર્ગીકરણ કરો. દા.ત. રંગ પ્રમાણે, નંબરો, અથવા અક્ષરોને તમારું બાળક ઓળખી શકે છે, અથવા નથી ઓળખી શકતુ તે પ્રમાણે.
- તેને ગણો. દરેક થપ્પીમાં કેટલા છે ? બધા મળીને કેટલા છે ?
- તમારા બાળકના નામમાંથી અક્ષરો શોધો. આ અક્ષરોને રેફ્રિજરેટર પર ચોટાડો.
- લોહચુંબકને ચાર્ટ ઉપરના નંબરો અને અક્ષરોની જોડે સરખાવો.



### ચોપડીઓ



**તમારા બાળકને વાંચવાથી તમારા બાળકની  સાંભળવાની આવડતમાં અને વાર્તામાં અને લખવામાં રસ  વિકાસવામાં મદદ કરે છે.**

- તમારાં બાળકને તમારી જોડે બેસવામાં અને ચિત્રો  અથવા વાર્તાની ચોપડી જોવા માટે પ્રોત્સાહન આપો. શરૂઆતમાં આ પ્રમાણે ૫ મિનીટ કરો. જયારે તમારુ બાળક સમય સાથે ગાળવામાં આનંદ માણતુ થઈ જાય પછી ૧૦ –૧૫ મિનીટ સૂધી સમય વધારો.
- ચિત્રો  અને વાર્તા વિશે ચર્ચા કરો
- તમારી લોકલ લાયબ્રેરીની મુલાકાત લો અનેલાયબ્રેરીના કાર્યક્રમમાં ભાગ લો

### ક્રેયોઅન્સ, કાગળ, ગુંદર, કાતરો



**ચિત્રકામની પ્રવૃત્તિઓ તમારાં બાળકને આંગળીઓને કાબુમાં લેવામાં અને ક્રમમાં ગોઠવવાના  વિકાસ કરવાની મદદ કરે છે, જે લખવા માટે જરૂરી છે.**

- તમારા બાળકને જાડા ક્રેયોન્સ અને માર્કર વડે ચિત્રો દોરવા માટે પ્રોત્સાહન આપો.
- તમારા બાળકને જુના છાપા અને સામાયિકમાંથી  ચિત્રો કાપવા દો
- પ્રિય ચિત્રોને કાગળ પર ચોટાડો.
- તમારા બાળકના ચિત્રકામના વખાણ કરો અને તેને બધાને જોવા માટે ચોટાડો

### પ્લેડોહ

**પ્લેડોહ પણ બાળકોની આંગળીઓને કાબુમાં લેવામાં અને ક્રમમાં ગોઠવવાના  વિકાસ કરવાની મદદ કરે છે, જે લખવા માટે જરૂરી છે.**

પ્લેડોહ બનાવવા માટે તમને જરૂર પડશેઃ ૧ કપ લોટ, ૧/૨ કપ નિમક, ૨ ટી સ્પુન ક્રીમ ઓફ ટારટર, ૧ કપ પાણી, ૧ ટેબલ સ્પુન તેલ અને ખાવાનાનો રંગ



૧. બધી વસ્તુઓને ભેગી કરીને સાધારણ તાપ પર રાખીને ૫ મિનીટ સૂધી રાંધો
૨. બરાબર હલાવીને વેક્ષ પેપર પર ઠારવા માટે મુકો.
૩. લોટને બાંધો અને વાપરવા માટે તૈયાર થઈ ગયો.
૪. પ્લાસ્ટીકના ડબામાં ઢાંકીને સંગ્રહ કરો.

***તમારા બાળકને પ્લેડોહમાંથી કેવીરીતે ગોયણા કરવા અને વણવુ તે  શીખવો  ઘાટ, નંબરો અને અક્ષરો  બનાવવા માટેપ્લેડોહનો ઉપયોગ કરો***

***ગૌર્વપુર્વક ટ.ડી.ફાયનાનસીઅલ ગ્રુપના સહકારથી***

EDUCO ENTREPÔT CANADA
CANADIAN EDUCATION WAREHOUSE